# "ખુદા તારી કસોટી પ્રથા સારી નથી હોતી; સારા હોય છે, એમની દશા સારી નથી હોતી."

## કર્ક (ડ.હ.)



**કર્ક રાશિ ચંદ્ર દ્વારા શાસિત છે. તેનાં જાતકો સંવેદનશીલ હોય છે. આ વર્ષે ગુરુ, શનિ, રાહુ અને કેતુની ગોચર સ્થિતિ તમારા જીવનનાં વિવિધ ક્ષેત્રો - નાણાંકીય સ્થિતિ, આરોગ્ય અને માનસિક સ્થિતિ પર અસર કરશે. ખાસ કરીને 5 મી ડિસેમ્બર : 2025થી જૂન : 2026 સુધીના સમયગાળા દરમ્યાન ઇશ્વર બહુ કસોટી કરે છે એવું તમને લાગશે પરંતુ, ધીરજ, મક્કમ મનોબળ અને સત્કર્મના સથવારે તમારે કસોટીઓમાંથી પસાર થવું અને ઉત્તીર્ણ થવું પડશે. એ યાદ રાખશોઃ "રંગ લાતી હૈ હીના પથ્થર પે પીસને કે બાદ".....**

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર**

### માનસિક સ્થિતિ : ટેન્શન રહે

આખા વર્ષ દરમ્યાન માનસિક તણાવ અને અસ્વસ્થતાની પરિસ્થિતિ રહે. ખોટા વાદ-વિવાદો તેમજ માનસિક ઉત્તેજનાને કારણે ઘર-પરિવાર તેમજ બહારના સંબંધો વણસી શકે. ખાસ કરીને પિતા અને સંતાનો સાથે કલહ થયા કરે. કુટુંબીજનોની ઊંચી અપેક્ષા સંતોષવાનું ટેન્શન મનમાં રહ્યા કરશે. પ્રયત્નો સફળ થાય નહીં અને **કંસાર બનાવવા જતાં થુલી થઇ જાય તેવું બની શકે.** જેથી મનની ઉગ્રતા અને ઉતાવળિયા નિર્ણયો પર અંકુશ રાખવો અને વાદ-વિવાદો ટાળવા.

### આરોગ્ય : સાવધાની જરૂરી

નાની-મોટી બીમારીઓથી પરેશાન રહેશો. શનિના નવમા ભાવમાં ગોચરને કારણે તણાવ અને શારીરિક-માનસિક થાક રહે. પાચનતંત્ર કે શ્વસન સંબંધી સમસ્યાઓથી સાવધ રહેવું. આઠમા રાહુની અસરથી ચામડીની કે વાઇરલ ઇન્ફેક્શનની સમસ્યાઓ થઈ શકે છે. ઝેરી જીવજંતુઓ કરડવાનો, કૂતરું કરડવાનો તથા દવાની સાઇડ-ઇફેક્ટનો ભય રહે છે. નિયમિત યોગ, ધ્યાન અને સંતુલિત આહારથી આરોગ્ય જાળવવું. Health is wealth.

### વ્યાપાર : ભાગીદારીમાં રોકાણ માટે અનુકૂળ સમય

આ વર્ષ ખાસ કરીને ઉત્તરાર્ધમાં ૧લી જૂન : 2026થી વર્ષાન્ત સુધીનો કાલખંડ નવી શરૂઆત અને વિસ્તરણની તકો લઈને આવશે. ગુરુનું પ્રથમ ભાવમાં ગોચર નોકરી-ધંધા-વ્યવસાયમાં આત્મવિશ્વાસ અને નવાં આયોજનોને પ્રોત્સાહન આપશે. **નવા વેન્ચર્સ શરૂ કરવા કે ભાગીદારીમાં રોકાણ કરવા માટે અનુકૂળ સમય.** જો કે, આઠમા ભાવમાં રાહુની અસરથી ધંધામાં ગેરસમજણ કે નાણાંકીય જોખમ ઊભું થઈ શકે. જી.એસ.ટી. કે સરકારી, અર્ધ-સરકારી ખાતાઓની નોટીસો કે કાર્યવાહીઓમાં સંડોવાઈ ન જવાય તેનું ધ્યાન રાખવું.

### નોકરી : બદલવાનું વિચારો છો તો સમય શ્રેષ્ઠ

ગુરુનું પ્રથમ ભાવમાં (કર્ક રાશિમાં) ગોચર 1લી જૂન : 2026થી ચાલુ થઇ વર્ષના અંત સુધી રહેશે. આ સમયગાળા દરમિયાન નોકરીમાં પ્રમોશન, નવી જવાબદારીઓ કે નવી પ્રોડક્ટ મળવાની શક્યતા છે. જો નોકરી બદલવાનું વિચારો છો તો શ્રેષ્ઠ સમયગાળો છે. જો કે 5મી ડિસેમ્બર : 2025 થી 1લી જૂન : 2026 સુધી ગુરુનું મિથુનમાં (બારમા ભાવમાં ભ્રમણ) દરમિયાન કામનું દબાણ વધી શકે . રાહુના આઠમા ભાવમાં ગોચર દરમ્યાન નોકરીમાં જાતજાતની મુશ્કેલીઓ ઊભી કરે. ઉપરી-અધિકારીઓ અને સહકર્મીઓ સાથે ગેરસમજણ અને વિવાદ ટાળવા.

### આર્થિક સ્થિતિ : સ્થિરતા અને લાભની તકો

આર્થિક દૃષ્ટિએ, આ વર્ષ આપને માટે સ્થિરતા અને લાભની તકો લઈને આવશે. ખાસ કરીને 1લી જૂનઃ 2026 થી વર્ષના અંત સુધી આવકના નવા સ્ત્રોતો અને નાણાંકીય આયોજનમાં સફળતા લાવે. બચત યોજનાઓ કે નાનાં રોકાણોમાં લાભ થશે. **પ્રોપર્ટી કે વાહન ખરીદવા માટે આ સમય અનુકૂળ રહેશે.** પરંતુ, ડિસેમ્બર-2025 થી જૂન-2026 સુધી ગુરુના બારમા ભાવમાં ભ્રમણ દરમ્યાન આકસ્મિક ખર્ચાઓ થાય. "ભૃગુસૂત્રમ" પ્રમાણે બારમા ભાવમાં ગુરુ જાતકને નિર્ધન બનાવે છે. શેરબજારમાં સટ્ટાબાજી ટાળવી.

### કુટુંબ અને પ્રેમસંબંધો : ભરતી - ઓટ આવે

પ્રેમની દૃષ્ટિએ, આ વર્ષ કર્ક રાશિનાં જાતકો માટે રોમાંચક અને ભાવનાત્મક રહેશે. જૂન-2026 થી ગુરુનું પ્રથમ ભાવમાં ગોચર વ્યક્તિત્વને આકર્ષક બનાવશે. નવા સંબંધો બાંધવામાં મદદ કરશે. એકલવાયાં જાતકો માટે નવા સંબંધો તથા લગ્નની શરણાઇઓ વાગવાની શક્યતાઓ લાવશે. આ વર્ષ પારિવારિક જીવનમાં સુખ અને સંવાદિતા લાવશે, પણ કેટલાક પડકારો પણ રહેશે. ગુરુનું પ્રથમ ભાવમાં ગોચર પરિવારમાં શાંતિ અને સમૃદ્ધિ વધારશે. કૌટુંબિક સમારંભો કે ધાર્મિક પ્રસંગોનું આયોજન થઈ શકે. રાહુની અસરથી નાની-મોટી ગેરસમજણ થઈ શકે છે. **વાતચીતમાં અને વ્યવહારમાં સ્પષ્ટતા અને સાવચેતી રાખવી.** પ્રેમમાં સ્થિરતા માટે પાર્ટનર સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવો. પરિવારના વડીલોની સલાહ આ વર્ષે મહત્ત્વપૂર્ણ રહેશે.




### શિક્ષણ : સમયગાળો શુભ રહેશે

વિદ્યાર્થીઓ માટે સમય શુભ રહેશે. તમારી બૌદ્ધિક ક્ષમતા, એકાગ્રતા અને નવું શીખવાની ઈચ્છા વધશે. જૂન : 2026થી વર્ષાન્ત સુધી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ઉચ્ચ શિક્ષણ કે રિસર્ચ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓને સફળતા મળશે. **વિજ્ઞાન, કોમર્સ, કલા અથવા સાહિત્યનાં વિદ્યાર્થીઓ માટે આ સમયગાળો લાભદાયી રહેશે.** શનિનું નવમા ભાવમાં (મીન રાશિમાં) ગોચર તમને શિસ્તબદ્ધ અને ધીરજવાન રાખશે. જો કે રાહુની અસરથી એકાગ્રતામાં થોડી અડચણ આવી શકે. નિયમિત અભ્યાસ અને સમયનું આયોજન જરૂરી છે.

### કોર્ટ : સાવધાની અને શિસ્તની જરૂર

કાનૂની કાર્યવાહીઓમાં મિશ્ર પરિણામો આવે. ગુરુનું જૂન : 2026 થી આપની રાશિમાં થતું ગોચર આત્મવિશ્વાસ અને સકારાત્મક દૃષ્ટિકોણ તથા કાનૂની બાબતોમાં ફાયદાકારક રહેશે. જો તમે કોર્ટના કેસ, જેમ કે પ્રોપર્ટી, લગ્ન કે વ્યાપારી વિવાદોમાં સામેલ હો તો સમાધાન કે નિર્ણય તમારા પક્ષમાં આવવાની શક્યતા છે. જો કે, શનિની પ્રતિકૂળતાને કારણે કોર્ટના મામલાઓમાં વિલંબ કે પડકારો આવે, રાહુની અસરથી નાની-મોટી ગેરસમજણ કે દસ્તાવેજોમાં ભૂલ થઈ શકે. તેથી દરેક કાનૂની દસ્તાવેજની ઝીણવટથી તપાસ કરવી અને એલર્ટ રહેવું.

### સરકારી કામકાજ

સરકારી કામોની દૃષ્ટિએ અનુકૂળ રહેશે પરંતુ સાવધાની અને શિસ્તની જરૂર રહેશે. ગુરુનું આપની રાશિમાં ગોચર જૂન : 2026થી વર્ષના અંત સુધી સરકારી કામોમાં જેમ કે લાયસન્સ, પરમિટ, સબસિડી કે સરકારી ટેન્ડર કે યોજનાઓના લાભ મેળવવામાં સફળતા આપે. શનિનું નવમા ભાવમાં ગોચર સરકારી કામોમાં વિલંબ કે અડચણો લાવી શકે. **દસ્તાવેજોમાં ભૂલો કે સરકારી અધિકારીઓ સાથે વિવાદ ટાળવા.** દરેક કામમાં સ્પષ્ટતા અને નિયમોનું પાલન કરવું.

### પ્રવાસ : વિદેશ પ્રવાસની શકયતા

આ વર્ષ ઘણી તકો લાવશે. 22મી ઓકટોબરથી 5મી ડિસેમ્બર 2025 દરમ્યાન તેમજ 1લી જૂન : 2026 થી વર્ષના અંત સુધી વ્યાવસાયિક કે શૈક્ષણિક પ્રવાસો માટે અનુકૂળ રહેશે. ધાર્મિક કે મનોરંજન માટેના પ્રવાસ આનંદદાયક રહેશે. પ્રવાસ દરમિયાન આરોગ્ય અને સામાનની સુરક્ષાનું ધ્યાન રાખવું.

### સ્ટોક માર્કેટઃ લાંબા ગાળાનું રોકાણ કરો

શેર બજારમાં સાવચેતીપૂર્વક રોકાણ કરવું. વર્ષના મધ્ય ભાગ બાદ સારા નફાની શક્યતા પરંતુ આરંભમાં ઉતાર-ચઢાવ વધુ રહેશે. લાંબા ગાળાના રોકાણમાં લાભ. ડે-ટ્રેડીંગ કે સટ્ટાકીય સાહસ કરવા જશો તો **"હવેલી લેવા જતાં ઝૂંપડી ગુમાવી" જેવો ઘાટ થાય.**

(શીર્ષક પંક્તિ : 'બેફામ')

### મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિનું ગોચરઃ** શનિ મીન રાશિમાં નવમા ભાવમાં રહીને સાડાસાતીનો ત્રીજો તબક્કો ચાલુ રાખશે. આ સમય દરમ્યાન અનેકવિધ પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડે. આર્થિક અને પારિવારિક બાબતોમાં સાવધાની રાખવી જરૂરી છે. નવમા ભાવમાં શનિ જાતકને સુખરહિત અને અલ્પ-ધની બનાવે છે. તેવું સારાવલીમાં કથન છે.

**ગુરુનું ગોચરઃ** ગુરુ 5મી ડિસેમ્બર 2026થી 1લી જૂન સુધી મિથુન રાશિમાં એટલે આપની રાશિમાં બારમા ભાવમાં ભ્રમણ કરશે. બારમા ભાવમાં ગુરૂ જાતકને નિર્ધન અને વ્યાધિગ્રસ્ત બનાવે છે. એવું ભૃગુસૂત્રમનું કથન છે. જો કે 1લી જૂન-2026થી આપની જ કર્ક રાશિમાં આવતો ગુરૂ શુભ ફળ આપશે. સિધ્ધિ, સમૃધ્ધિ અને ઐશ્વર્ય આપશે. ધાર્મિક અને આધ્યાત્મિક પ્રગતિ, ઉચ્ચ શિક્ષણ અને વિદેશ યાત્રાની તકો લાવશે.

**રાહુનું ગોચરઃ** રાહુ મીન રાશિમાં (આઠમા ભાવમાં) ભ્રમણ કરશે. અચાનક ફેરફારો, મૂંઝવણ અને કાર્યક્ષેત્રમાં અડચણો લાવશે. વિજાતીય સંબંધોને કારણે યા સાયબર ફ્રોડને કારણે યા અન્ય કોઇ વાદ-વિવાદને કારણે સમાજમાં બદનામ ન થઇ જવાય તેનું ધ્યાન રાખવું.